# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## KARYAKRAM MOKUF

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉક્ટર મનમોહન સિંઘના અવસાન નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આજના તમામ કાર્યક્રમ રદ કરાયા છે.

દરમિયાન અમદાવાદ શહેરમાં શરૂ થયેલા કાંકરિયા કાર્નિવલના પણ તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો આગામી 31 ડિસેમ્બર સુધી મોકૂફ રખાયા છે. જોકે, કાંકરિયા લેકફ્રન્ટ પરિસર ખાતે લોકોને વિનામૂલ્યે પ્રવેશ અપાશે એમ અમદાવાદ મહાનગરપાલિકાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, જિલ્લાના ઝોઝવા ગામમાં પ્રભારી મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે ઓરસંગ નદીના પુલના આજે યોજાનારો ખાતમુહૂર્ત કાર્યક્રમ રદ કરાયો છે.

રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ ડૉ. મનમોહન સિંઘના અવસાન અંગે એક વીડિયો સંદેશ જાહેર કરી શોક વ્યક્ત કર્યો હતો.

------------------------------------

## REV WEATHER

**રાજ્યના હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ત્યારે રાજ્યમાં આજે**

સવારે 6 વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધીમાં ત્રણ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલ છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ ગઈકાલે રાત્રે કમોસમી વરસાદ વરસ્યો હતો.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, મોડાસા અને માલપુર સહિતના પંથકમાં વરસાદી માવઠું પડતાં ખેડૂતોની ચિંતા વધી છે.

મહીસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડા, બાલાસિનોર અને ખાનપુર તાલુકામાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં, જેના કારણે વાવેતર કરાયેલા પાકમાં જીવાત પડવાની સ્થિતિથી ખેડૂતોની ચિંતા વધી છે.

--------------------

## Khyati case Milap Patel

ખ્યાતિ હોસ્પિટલ ગેરરિતી કેસમાં ગુનાશોધક શાખાએ ગાંધીનગરના આરોગ્ય વિભાગના કર્મચારી મિલાપ પટેલની ધરપકડ કરી છે. મિલાપ પટેલે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાનાં લાખો ગેરકાયદેસર કાર્ડને મંજૂરી આપી હતી. ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામ ઓફિસર-DPC તરીકે તેનું કામ હોસ્પિટલ સાથે સંકલન અને સમીક્ષા કરવાનું હતું.

આ અંગે PMJAYના નાયબ નિયામક ડોક્ટર યુ બી ગાંધીએ વધુ માહિતી આપીઃ

(BYTE – U. B. Gandhi)

-----------------------------------

## DANG YOJNA KARYAKRAM

**ડાંગ જિલ્લામાં સરકારની જનકલ્યાણ યોજનાઓની માહિતી આપવા એક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઉપસ્થિત મહિલાઓને PMFME લૉન, SEP લૉન અને મુદ્રા લૉન અંગે માહિતી અપાઈ હતી.**

-----------------------------------

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ

અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. સૂચનો સ્વીકારવાનો આજે છેલ્લો દિવસ છે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

--------------------------------------

## CHHOTA UDEPUR WORK ORDER VITARAN

છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકાના લાવાકોઈ ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત 10 ગ્રામ પંચાયતના 625 લાભાર્થીઓને વર્ક ઓર્ડર વિતરણ કરાયા હતા. દરમિયાન લાભાર્થીઓના ખાતામાં એડવાન્સ હપ્તા પેટે 30 હજાર રૂપિયાની રકમ જમા કરાવવામાં આવી હતી.

-------------------------------------

## Jhalavad Mega Expo

સુરેન્દ્રનગર ખાતે આજથી ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજીત ત્રણ દિવસનો ‘ગ્લોબલ ઝાલાવાડ મેગા એક્સ્પો 2024’નો પ્રારંભ થયો છે.

આ પ્રદર્શનમાં 25થી વધુ ઔદ્યોગિક ક્ષેત્રના 250 થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે. ત્રણ દિવસ દરમિયાન ત્રણ લાખ લોકો મુલાકાત લે તેવો અંદાજ છે. આ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને બિઝનેસ મીટ પણ યોજાશે.

-----------------------------------

## NARMADA SPORTS SANKUL

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરના અનુદાનમાંથી 2 કરોડ 40 લાખ રૂપિયાના ખર્ચે નર્મદા જિલ્લામાં અદ્યતન જિમ્નાસ્ટિક હૉલ તૈયાર કરાયો છે. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના હૉલમાં તૈયાર કરાયેલા આ હૉલથી જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે સારી તક મળશે. આ અંગે જિમ્નાસ્ટિક હેડ કૉચ સુમિત ખારપાસે માહિતી આપી હતી.

(બાઈટઃ સુમિત ખારપાસ, કૉચ )

-----------------------------------

## UKAI SUGAR FACTORY

શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ મંડળી સુગર ફેકટરીના ઉપ પ્રમુખ અને કસ્ટોડિયન કમિટીમાંથી નરેશ પટેલે રાજીનામું આપ્યું છે. શ્રી પટેલે સ્વૈચ્છિક રાજીનામું આપતા સહકારી રાજકારણમાં ગરમાવો આવ્યો છે. તેમણે વ્યારા સુગરના પ્રમુખ માનસિંગ પટેલ દ્વારા મનસ્વી વહીવટ થતો હોવાનાં આક્ષેપ સાથે રાજીનામું આપ્યું છે.

છેલ્લાં કેટલાંક દિવસથી સુમુલ ડેરીની મિટિંગમાં નરેશ પટેલ સહિતના કેટલાક ડિરેકટરો માનસિંગ પટેલ નો વિરોધ કરી રહ્યા હતા. શ્રી પટેલે રાજીનામામાં જણાવ્યું છે કે, વ્યારા સુગરનાં સભાસદોના હિત વિરૂદ્ધ માનસિંગ પટેલ કામગીરી કરી રહ્યા હતા.

------------------------------------